# ખમીરવંતા ચેહરાની નિસ્તેજ આંખો

આ ખમીરવંતા કચ્છીમાડુઓના ચહેરા પરની નિસ્તેજ આંખો શું શોધી રહી છે? સાંભળી રહી છે? કે પછી કંઇક કહી રહી છે આપણને? એક તરફ વિશાળ રણ અને બીજી તરફ સમુદ્રકાંઠા વચ્ચે જીવતાં આ માડુઓની જીંદગીને કુદરતે સ્વાભાવિક રીતે જ ખડતલ અને સાહસિક બનાવી દીધી હતી. સમુદ્ર અને રણ- બંને એમની જીંદગીના અવિભાજય અંગ બની ચૂક્યાં હતાં. સદીઓથી તેઓ દરિયો ખેડી આફ્રિકા, યૂરોપનાં દેશો સાથે વેપાર કરતા હતા, ત્યાં પહોંચી કાળી મજૂરી કરતા હતા, માછીમારી કરી પેટિયું રળતા હતા. અફાટ રણ વટાવી અફઘાનિસ્તાન, બલુચીસ્તાન પહોંચી સોદાગરી કરતા હતા, રણ વચાળે ભૂંગા બનાવી વસતાં હતાં, બેનમૂન કારીગરીનો કસબ એમની આંગળીઓમાંથી નીતરીને કાપડના પોતમાં પ્રાણ પૂરી દેતો હતો. આવું તો કૈં કેટલુંયે હતું એ ખમીરવંતા માડુઓ પાસે. પણ તો પછી? આજે આ આંખો નિસ્તેજ કેમ? શું શોધી રહી છે એ? શું કહી રહી છે એ?

શું એકવીસમી સદીના પ્રારંભે જ કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપે આણેલી તારાજીએ એમની આંખોમાંના તેજને ગુમ કરી દીધું? એમના ખમીરને હણી દીધું? ના. કુદરતી આપદાઓની એમને માટે કોઇ નવાઇ નથી. સદીઓથી એ એવી કૈંક આપદાઓ ખમતા આવ્યાં છે અને તેથી જ તો ખમીરવંતા પૂરવાર થતાં રહ્યાં છે. તો પછી? એમના ખમીરને પીગાળીને એનું બાષ્પીભવન કરી દીધું છે ઉદ્યોગોના આગમને, કેન્દ્ર સરકારની નવી આર્થિક નીતિઓએ, ગુજરાત સરકારની ‘મોડેલ’રૂપ ગણાતી આર્થિક વૃદ્ધિની યોજનાઓએ, એમના પર્યાવરણ ઉપર થઇ રહેલ ચોતરફી આક્રમણોએ. સદીઓથી માછીમારી, હાથ-કારીગરી, પશુપાલન, શારિરીક શ્રમ જેવાં પરંપરાગત વ્યવસાયો વડે સ્વમાનભેર જીવતી આ પ્રજાની ધરતી, હવા અને પાણી ઉપર ઠલવાઇ ચૂક્યાં છે -આધુનિક ટેક્નોલોજી ધરાવતાં ઉદ્યોગો. કચ્છ આખું જાણે કે બની ગયું છે -‘સ્પેશ્યલ ઇકોનોમિક ઝોન’ - ‘સેઝ’! તેના સમગ્ર દરિયાકિનારા પર સરકારની મહેરબાનીથી ખડી થઇ ચૂકી છે ઉદ્યોગોની ચીમનીઓ, ઉદ્યોગોના પ્રદૂષિત પાણીની મસમોટી કેનાલો. એમની જમીનો ઉપર ખોદાઇ ચૂકી છે - ખનીજો માટેની ખાણો. એ ખાણોના પેટાળોએ, ચીમનીઓના ધૂમાડાઓએ અને પ્રદૂષિત પાણીના કેનાલોઓએ ઘોળી દીધું છે વખ એમના હવા, પાણીમાં અને એમની જીંદગીઓમાં.

સ્વાભાવિક રીતે હવે આપણને સવાલ થાય કે, છેલ્લા એક જ દાયકા દરમિયાન આવેલા આવડા અણધાર્યાં પરિવર્તનો સામે ત્યાંની ખમીરવંતી પ્રજા ચૂપ કેમ રહી? એણે વિરોધ કેમ ના કર્યો? આંદોલનો કેમ ના કર્યાં? કદાચ માની લઇએ કે, આ પરિવર્તનો તદન અણધાર્યા અને આંધીની માફક આવ્યાં એટલે ના. હકીકતમાં આ પ્રજામાં કુદરતી આપત્તિઓ સામે ઝૂઝવાની આદત અને ખમીર હતાં, પણ આ તો માનવસર્જિત આંધી હતી, તેના જ મત વડે ચૂંટાયેલી સરકારે ફૂંકેલું વાવાઝોડું હતું, વૈશ્વિકીકરણના યુગમાં મદોન્મત મૂડીના ઝૂંડનું આક્રમણ હતું -તેની સામે કેમ

ઝઝૂમવું, તેને કેમ કરીને ખાળવું, એની આ પ્રજાને ખબર જ નહોતી. અલબત્ત, છેલ્લાં દસ વર્ષ દરમિયાન આ ઝૂઝારુ માડુઓએ ઔદ્યોગિકીકરણની આ આંધી સામે લડવાનાં રસ્તાઓની ખોજ તો શરૂ કરી દીધી હતી. પણ કોણ બતાવે રસ્તો? ગાંધીનું આ ગુજરાત તો હવે મોદીનું ગુજરાત બની ગયું છે. વળી ગાંધીના નામે એમને જે વામણાં ગાંધીઓ રસ્તો બતાવવા આગળ આવ્યા છે એ વિકાસનાં વિરોધિઓ છે, આધુનિકતાનાં વિરોધીઓ છે, એ માર્ગદર્શકો પોતાનાં સંકુચિત સ્વાર્થોથી ઉપર ઊઠીને ગાંધીની જેમ આ મુંઝાયેલા, બેબાકળાં કચ્છવાસીઓને પ્રગતિનો, સ્વમાનભેર જીવવાનો રસ્તો બતાવવામાં અસમર્થ પૂરવાર થઇ રહ્યાં છે, એ માત્ર ઉદ્યોગોના આંધળા વિરોધની વાતો કરે છે, પણ વિકલ્પોની વાત નથી કરતાં. એ વામન ગાંધીઓથી દોરવાઇને ખડતલ, શ્રમજીવી કચ્છીમાડુઓ ઉદ્યોગોનો વિરોધ તો કરે છે પરંતુ વિકાસનાં વિકલ્પોના અભાવે એનો બુલંદ અવાજ બોદો અને અર્થહીન બની જાય છે. હજુ તો આ દસ વર્ષમાં કચ્છીમાડુઓને એ પણ સમજાતું નથી કે આ આંધીને રોકવા કોની સામે આંદોલન કરવું? ઉદ્યોગો સામે? મૂડીના એકચક્રી શાસન સામે? એ બંને માટે લાલજાજમ બિછાવતી સરકાર સામે? કે પછી, એ ત્રણેયના મેળાપીપણા સામે?

આ ત્રણેયના મેળાપીપણાએ એક તરફ કચ્છી માડુઓના પરંપરાગત વ્યવસાયોને મૃતપ્રાયઃ બનાવી દીધાં છે અને એનાં શારિરીક શ્રમને બિનઉત્પાદક. તો હવે કચ્છીમાડુઓએ પેટિયું કઇ રીતે રળવું? જીવવું કઇ રીતે? કચ્છીમાડુઓની નિસ્તેજ આંખો પૂછે છે આ સવાલો આપણને.

આ સવાલો માત્ર કચ્છીમાડુઓની નિસ્તેજ આંખોમાં જ નથી સળવળતા, સાથીઓ! અસ્તિત્વ ટકાવવા માટેનાં આ સવાલો દુનિયાભરનાં વિકાસશીલ દેશોનાં ગરીબો, કિસાનો, પરંપરાગત વ્યાવસાયિકો અને શ્રમજીવીઓની આંખોમાં સળવળી રહ્યાં છે. અલબત્ત, દુનિયાભરમાં જ્યાં જ્યાં એને યોગ્ય નેતૃત્વ મળયું છે ત્યાં ત્યાં એણે મૂડી, ઉદ્યોગો અને સરકારોના મેળાપીપણા સામે ગંભીર પડકારો ઊભાં કર્યાં છે. ક્યાંક ક્યાંક તો મૂડી અને ઉદ્યોગોને આવકારતી સરકારો ઉથલી પડી છે અથવા ભીંસમાં આવી ગઇ છે અને રાજનૈતિક અંધાધૂંધીનો માહોલ ઘર કરી ગયો છે. પરંતુ એ અંધાધૂંધી વચ્ચે અને બદલાયેલી સરકારો સામે પણ આજના યુગનો મૂળ સવાલ તો ત્યાંનો ત્યાં જ ઊભો છે -મૂડી અને ઉદ્યોગો નહીં તો શું?

માણસ આગળ વધવા ઇચ્છે છે, પ્રગતિ ઇચ્છે છે, બહેતર જીંદગી ઇચ્છે છે અને એને માટે મથામણ કરે છે, સંઘર્ષ કરે છે, શહીદી પણ વ્હોરે છે પણ એ સંઘર્ષ, એ મથામણ ત્યારે જ સફળ થાય જ્યારે એ સ્થાપિત વ્યવસ્થા, માળખાંને ખતમ કરતો જાય અને સાથે સાથે બહેતર, પ્રગતિશીલ વ્યવસ્થા, માળખાનું નિર્માણ કરતો જાય, જ્યારે એના સંઘર્ષમાં માત્ર સ્થાપિત વ્યવસ્થા સામેનો વિરોધ જ ના હોય, એમાં નવરચનાનું નક્કર સપનું પણ હોય. અને એથી જ -મૂડી અને ઉદ્યોગો નહીં તો શું? - આ સવાલ આજના યુગમાં અત્યંત મહત્વનો બની જાય છે.

સાથીઓ, મૂડી, ઉદ્યોગો અને એમને આવકારતી સરકારો સામેનાં સંઘર્ષોમાં આપણે એવા સ્વપ્નને આકારિત કરવું પડશે કે જે ગરીબો, કિસાનો, શ્રમજીવીઓને પ્રગતિ તરફ લઇ જતું હોય, એ એમની જીંદગીને બહેતર બનાવનારું હોય. શું આપણે એવું કોઇ સ્વપ્નું આપણા સંઘર્ષોમાં સાકાર કરી શકીએ જેમાં ઉદ્યોગો તો હોય, પરંતુ એ મૂડીકેન્દ્રી, મૂડી સંચાલિત કે પર્યાવરણભક્ષી ના હોય, પણ સમાજ કેન્દ્રી, સમાજ સંચાલિત અને પર્યાવરણ સાથે સંતુલન સાધનારાં હોય! જાણું છું, આ સૂત્રાત્મક સ્વપ્નું છે, પણ આપણે એની સૂત્રાત્મકતાને ઉકેલવી પડશે અને મૂડી અને ઉદ્યોગો સામેના સંઘર્ષોમાં એનાં ઉકેલોને તપાવવાં પડશે.

આપણાં આ નિસ્તેજ આંખોવાળા કચ્છીમાડુઓની આંખોમાં આવું એકાદ સપનું પણ જો કોઇ રોપી શકશે તો જરૂર એમની ખમીરવંતી જીંદગીનું તેજ એમની આંખોમાં તગતગશે. જરૂર. બેશક.

**-હિરેન ગાંધી**